# અંકલેશ્વર નોટિફાઇડમાં પાણીકાપની સમસ્યા

**ઉકાઈ** કેનાલ 35 દિવસ બંધ રહેતાં ઉદ્યોગ વસાહત સામે મોટો પડકાર



પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: ઉકાઈ જમણા કાંઠાની કેનાલને 35 દિવસ માટે બંધ રાખવાનો રાજ્ય સરકારનો નિર્ણય અમલમાં આવતાં અંકલેશ્વર જીઆઈડીસી તથા નોટિફાઇડ રહેણાક વિસ્તારોમાં પાણીકાપની ગંભીર સ્થિતિ સર્જાઈ છે. કેનાલ પર આવેલા એકવા ડક અને સાયફન જર્જરિત બનતા તેના સમારકામ અને નવીનીકરણ માટે શટડાઉન લેવાતાં ગત તા.27મી ડિસેમ્બરથી પાણી પુરવઠો બંધ થયો છે. પરિણામે તંત્રને વૈકલ્પિક વ્યવસ્થા સાથે પાણી પુરવઠાનું કડક નિયમન કરવું પડ્યું છે.

અંકલેશ્વર નોટિફાઇડ રહેણાક વિસ્તારોને પણ ઉકાઈ કેનાલમાંથી પાણી પૂરું પાડવામાં આવે છે. હાલ જીઆઈડીસી સ્ટોરેજ પોન્ડમાં સંગ્રહિત પાણીના આધારે સવારના ૬થી ૯ વાગ્યા સુધી રહેણાક વિસ્તારોમાં પીવાનું પાણી આપવામાં આવી રહ્યું છે, જ્યારે ઉદ્યોગોને સવારે 10થી સાંજે 5 વાગ્યા સુધી મર્યાદિત પુરવઠો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. નોટિફાઇડ વિસ્તારમાં પ્રતિદિન અંદાજે 35 એમએલડી પાણીની જરૂરિયાત હોય છે, જ્યારે હાલ સ્ટોરેજ પોન્ડમાં માત્ર 15 દિવસ ચાલે તેટલો જ જથ્થો ઉપલબ્ધ હોવાનું જાણવા મળે છે.

વૈકલ્પિક પુરવઠા તરીકે ઝઘડિયા વિભાગમાંથી પ્રતિદિન 8થી 10 એમએલડી પાણી મળવાની શક્યતા હોવા છતાં હાલ માત્ર 3 એમએલડી પાણી જ મળી રહ્યું છે. અંકલેશ્વર ઉદ્યોગ મંડળના પ્રમુખ વિમલ જેઠવાએ જણાવ્યું કે, સ્ટોરેજ પોન્ડમાં હાલ પૂરતો જથ્થો હોવાથી તાત્કાલિક અછત નહીં સર્જાય, છતાં સ્થાનિકોએ પાણીનો કરકસરથી ઉપયોગ કરવો જરૂરી છે.

પાણીકાપની અસર ઉદ્યોગો પર વધુ જોવા મળી રહી છે. સતત પાણી પુરવઠાની જરૂરિયાતને કારણે અનેક ઉદ્યોગોને નાછૂટકે ટેન્કરો દ્વારા પાણી મંગાવવું પડી રહ્યું છે. તંત્ર દ્વારા મળતા પાણીનો ખર્ચ રૂ.૨૫ પ્રતિ કે.એલ. સામે ટેન્કર દ્વારા પાણી માટે રૂ.200 પ્રતિ કે.એલ. સુધી ખર્ચ થતો હોવાનું ઉદ્યોગપતિઓએ જણાવ્યું, જેના કારણે ઉત્પાદન ખર્ચમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. આ સ્થિતિમાં ખાનગી પાણી સપ્લાયરોને ધૂમ કમાણી થઈ રહી હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

### એફ્લુએન્ટ ટ્રીટમેન્ટ માટે પાણી અનિવાર્ય

અંકલેશ્વર ઔદ્યોગિક વિસ્તારમાં ઉત્પાદન પ્રક્રિયા, કૂલિંગ સિસ્ટમ, બોઈલર તેમજ પર્યાવરણીય ધોરણો મુજબના એફ્લુએન્ટ ટ્રીટમેન્ટ માટે પાણી અનિવાર્ય છે. લાંબા સમય સુધી પાણી પુરવઠો ખોરવાતાં ઉત્પાદન ઘટશે અથવા અટકશે તેવી શક્યતા છે, જેના કારણે આર્થિક નુકસાન સાથે કામદારોના રોજગાર પર પણ અસર પડી શકે છે. સાથે સાથે સીઈટીપી અને સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ જેવી વ્યવસ્થાઓમાં પણ પાણીની અછતથી કામગીરીમાં ખલેલ પડતા આગામી દિવસોમાં પર્યાવરણ સંબંધી સમસ્યાઓ ઊભી થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

## વ્યારામાં કોંગ્રેસના પ્રતીક ધરણા



■ વ્યારા: વ્યારામાં તાપી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ગતરોજ કેન્દ્ર સરકારની જી રામજી યોજનાનાં વિરોધમાં પ્રતીક ધરણા પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સરકાર દ્વારા મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી અધિનિયમને રદ કરી વિકસિત ભારત રોજગાર અને આજીવિકા મિશનની ગેરંટી (ગ્રામીણ) યોજના (જી રામજી) યોજના લાવવામાં આવ્યો છે. જેને લઇને દેશ ભરમાં ખાસ કરીને કોંગ્રેસ દ્વારા ભાજપ સરકારના આ પગલાંનો ભારે વિરોધ કરવામાં આવી રહ્યો છે. જેના ભાગરૂપે ગત રોજ તાપી જિલ્લા કોંગ્રેસે જિલ્લા મથક વ્યારા ખાતે ગતરોજ બપોરે બે કલાક સુધી જી રામજી યોજનાનાં વિરોધમાં ધરણા પ્રદર્શન યોજાયું હતું, જેમાં તાપી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ વિભવ ગામીત માજી ધારાસભ્ય સુનીલ ગામીત અને તાપી જિલ્લા પંચાયત કોંગ્રેસ પક્ષના નેતા સિદ્ધાર્થ ચૌધરી સહિત કોંગ્રેસના કાર્યકર્તાઓ જૂના બસ સ્ટેન્ડ નજીક મહાત્મા ગાંધીજીના પૂતળા પાસે પ્રતીક ધરણા પ્રદર્શનમાં જોડાયા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### બેડકૂવા નજીક ગામે મેડિકલ કોલેજ માટે જમીન આપવા ગ્રામજનોનો વિરોધ



વ્યારા: વ્યારા તાલુકામાં બેડકૂવા નજીક ગામે મેડિકલ કોલેજ માટે વર્ષ-2015માં ફાળવવામાં આવેલી જમીન જૂનો સરવે નં.59 અને હાલ નવો સરવે નં.60માં ટોરેન્ટ પાવર કંપનીના કર્મચારીઓ ગત તા.6-1-2026ના રોજ સરવે માટે ગયા હતા. જેની જાણ ગ્રામજનોને થતાં જે તે સમયે ગ્રામસભામાં જરૂરી ચર્ચા વિચારણા વિના મેડિકલ કોલેજ સ્થાપવા ઠરાવ કરી જમીન ફાળવી દીધી હોવાનું માલૂમ પડતાં ગ્રામજનોમાં અંદરોઅંદર મેડિકલ કોલેજ માટે ગામમાં જમીન આપવા વિરોધનો સૂર ઊઠ્યો છે. બેડકૂવા નજીક ગામના લોકો મુખ્યત્વે પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા હોવાથી ગામમાં આ સિવાય બીજી કોઈ અન્ય ગૌચરની જમીન પણ ન હોવાથી ગ્રામજનોએ ગતરોજ આ બાબતે પેસા એક્ટ મુજબ ગ્રામસભા બોલાવી અગાઉનો મેડિકલ કોલેજ માટે જમીન ફાળવતો વર્ષ-2015નો સામાન્ય સભાનો ઠરાવ રદ કરવામાં આવ્યો હતો અને મેડીકલ કોલેજ કોઈ અન્ય સ્થળે લઈ જવામાં આવે તેવી માંગ સાથે ગ્રામજનોએ તાપી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

### કડોદરા ચાર રસ્તે સ્વામી વિવેકાનંદજીની ૧૬૪મી જન્મ જયંતીની ભાવભરી ઉજવણી

પલસાણા: સ્વામી વિવેકાનંદજીની ૧૬૪મી જન્મ જયંતી નિમિત્તે કડોદરા ચાર રસ્તા ખાતે ક્રાઇમ ઇન્વેસ્ટિગેશન બોર્ડ (ટ્રસ્ટ) ઓલ ઇન્ડિયા સ્પેશિયલ ક્રાઇમ ઇન્વેસ્ટિગેશન ફોર્સ, કડોદરા નગરપાલિકા તથા કડોદરા પોલીસના સંયુક્ત ઉપક્રમે એક કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કડોદરા ચાર રસ્તે આવેલી સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન પલસાણા તાલુકા CIBના પ્રમુખ મહેન્દ્રભાઈ, ઉપપ્રમુખ દીપેન પટેલ અને સેક્રેટરી વિજય મકવાણાના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કડોદરા નગરપાલિકાના પૂર્વ અધ્યક્ષ અંકુર દેસાઈ, નગર સંગઠન પ્રમુખ કિરણભાઈ પરમાર સહિત નગરપાલિકાના હોદ્દેદારો, CIB ગુજરાતના મહિલા અધ્યક્ષા દીપિકા ડાભી તથા ગુજરાત ઉપપ્રમુખ જેનીલ શાહ ઉપરાંત બારડોલી તાલુકા CIBના ઉપપ્રમુખ અંકિત પટેલ, મહિલા અધ્યક્ષા મંજુબેન શાહ, ઉપપ્રમુખ રુચિ શાહ, નવસારી જિલ્લાના જોડિયા સેક્રેટરી દીપુબેન ધીમ્મર, કાજલબેન, પ્રવીણભાઈ, CIBના સભ્ય પ્રિન્સ કુમાર, રાજ ખટીક તેમજ કડોદરા ટ્રાફિક પોલીસના હેડ કોન્સ્ટેબલ વિપુલદાન ગઢવી, ટ્રાફિક બ્રિગેડ, GRD જવાનો અને હોમગાર્ડ જવાનો હાજર રહ્યા હતા. આ પ્રસંગે શહીદ ભગતસિંહની પ્રતિમાને પણ હાજર રહેલા મહાનુભાવોના હસ્તે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ ઉત્તરાયણ અંતર્ગત વાહન ચાલકોને વિનામૂલ્યે સેફ્ટી બેલ્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### રાજુવાડીયા સહકારી જિનના પ્રમુખની ચૂંટણીમાં ભાસ્કર પટેલની હાર

રાજપીપળા: રાજુવાડીયા સહકારી જિનના પ્રમુખ જગદીશ પટેલના અવસાનથી ખાલી પડેલી બેઠક માટે ચૂંટણી યોજાઈ હતી. મંડળીના કુલ ૧૫ પૈકી ૧૩ ડિરેક્ટર હાજર રહ્યા હતા. પ્રમુખ પદ માટે ભાસ્કર પટેલે ઉમેદવારી નોંધાવી હતી, જેની સામે ગુજકોમાસોલના ડિરેક્ટર સુનીલ પટેલે ચંદ્રકાન્ત પટેલને મેદાનમાં ઉતાર્યા હતા. મતદાનમાં ચંદ્રકાન્ત પટેલને ૮ મત મળ્યા હતા, જ્યારે ભાસ્કર પટેલને ૫ મત મળતા તેમનો પરાજય થયો હતો.

### અંકલેશ્વરની પી.પી.સવાણી સ્કૂલમાં વાર્ષિક રમતોત્સવ યોજાયો

અંકલેશ્વર: અંકલેશ્વરની પી.પી.સવાણી સ્કૂલ (ગુજરાતી માધ્યમ)માં વાર્ષિક રમતોત્સવ યોજાયો હતો. વિદ્યાર્થીઓની માર્ચપાસ્ટ તેમજ રમતોત્સવમાં વિદ્યાર્થીઓ-વાલીઓ માટે એથ્લેટિક અને મનોરંજક રમતો યોજાઈ હતી. વિજેતાઓને સર્ટિફિકેટ અને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### દહેજ GACL ચોકડી પાસે કાર અકસ્માતમાં સિક્યુરિટી ગાર્ડનું મોત

ભરૂચ: દહેજ GACL કંપની સામે આવેલ GEB પાવરહાઉસ નજીક રવિવારે સવારે બનેલા ગંભીર માર્ગ અકસ્માતમાં એક સિક્યુરિટી ગાર્ડનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જ્યારે તેની સાથે કારમાં બેઠેલા ત્રણ યુવકને નાની-મોટી ઈજા થતાં તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. મૂળ બિહારના અને હાલ વડદલાની નવી રોયલ રેસિડેન્સીમાં રહેતા રોશનકુમાર ઉદયકાન્ત ઝા (ઉ.વ.32) ચેકમેટ સિક્યુરિટી એજન્સીમાં ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા, તેઓ રવિવારે સવારે નવ વાગ્યાના સુમારે પોતાની કાર (GJ-05-RV-5099) લઈને વડદલાથી લખીગામ તરફ મિત્રને મળવા નીકળ્યા હતા. કારમાં તેમની સાથે હર્ષકુમાર ઝા, અમિતકુમાર ઝા અને સુધાંશુકુમાર સિંઘ પણ સવાર હતા. કાર જ્યારે પાવરહાઉસ સામેના વળાંક પાસે પહોંચી ત્યારે ચાલક રોશનકુમારે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર રોડ સાઈડની ખુલ્લી ગટરમાં પલટી ગઈ હતી. આ અકસ્માતમાં રોશનકુમારનું સ્થળ પર જ મોત થયું હતું. ઘટનાની જાણ થતાં જ સિક્યુરિટી એજન્સીના આસિસ્ટન્ટ મેનેજર અને 108ની ટીમ સ્થળ પર દોડી આવી હતી. વાગરા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી અકસ્માત અંગેનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ખેતીના રસ્તે રેતીના ખેલ ભારે વાહનોનો પ્રવેશ રોકો

**પાણેથા** ગ્રામસભાએ સર્વાનુમતે ઠરાવ કરી DDOને આવેદનપત્ર આપ્યું

ભરૂચ, ઝઘડિયા: ઝઘડિયાના પાણેથા ગામમાં રેતીના ભારેખમ વાહનો પર પ્રતિબંધ યથાવત રાખવા ગ્રામજનોએ જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું છે. સરપંચ સહિતના ગ્રામજનોએ સ્મશાન-કબ્રસ્તાન તરફ જતાં ખેડૂતોના સ્થાનિક રસ્તા પરથી રેતીનાં વાહનો કાયમી ધોરણે બંધ કરવા પ્રબળ માંગ કરી છે.

ગ્રામસભાએ ખેડૂતોના સ્થાનિક ખેતી માર્ગ પરથી રેતી ભરેલા અતિ ભારે વાહનોની અવરજવર બંધ રાખવાનો સર્વાનુમતે નિર્ણય કરીને ઠરાવ કર્યો છે. આપેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, છેલ્લા ચાર માસથી ઓવરલોડ અને રોયલ્ટી વગરની ભીની રેતીનાં વાહનો પસાર થવાથી ખેતીના માર્ગોને ભારે નુકસાન થયું છે. આ ઉપરાંત, ખેડૂતોના પાકને ધૂળ લાગવાથી કરોડો રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. ગ્રામ પંચાયત દ્વારા પાણેથા ગામમાં કોઈ રેતીની ક્વોરી લીઝ મંજૂર કરી નથી. અન્ય ગામો અને જિલ્લાની લીઝ ધરાવતાં વાહનો આ ખેતી માર્ગોનો ગેરકાયદે ઉપયોગ કરી રહ્યા છે. આ માર્ગોનો ઉપયોગ સ્મશાન, કબ્રસ્તાન તેમજ 500થી વધુ ખેડૂતો અને ખેતમજૂરો કરે છે. ભારે વાહનોના કારણે જાહેર સલામતીને જોખમ ઊભું થતાં પંચાયતે નટ-બોલ્ટવાળા બેરિકેડ લગાવી માત્ર રેતીના ભારે વાહનો પર પ્રતિબંધ મૂક્યો છે.

ગ્રામસભાએ સ્પષ્ટતા કરી છે કે, રસ્તો સંપૂર્ણ બંધ કરાયો નથી. તે ખેડૂતોના ખેતી કામ, પાક વહન તથા આવશ્યક સેવાઓ માટે ખુલ્લો રાખવામાં આવ્યો છે.

## અંકલેશ્વરમાં ચોરોનો ‘પાવર’ પ્લે: વીજ ડીપીમાંથી કોઈલ સાફ!

**વીજ** કંપનીને રૂ.7.58 લાખનું નુકસાન, હેરાન થાય છે લોકો

અંકલેશ્વર: અંકલેશ્વરના જૂના દીવા, જૂના બોરભાઠા બેટ, આંબોલી, પિરામણ તથા સૂરવાડી ગામોની સીમમાં આવેલ દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ. (ડીજીવીસીએલ)નાં વીજ ટ્રાન્સફોર્મરોને નિશાન બનાવી અજાણ્યા ઈસમોએ કોપર કોઈલની ચોરી કરી હોવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. આ ઘટનામાં ટ્રાન્સફોર્મરોને નુકસાન તથા ચોરી મળીને કુલ રૂ.7.58 લાખથી વધુનું નુકસાન થયુ હોવાનું બહાર આવ્યું છે.

ડીજીવીસીએલના અંકલેશ્વર રૂરલ સબ-ડિવિઝનમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા અભિલાષ બાલસુબ્રમણિયન નાયર દ્વારા અંકલેશ્વર ટાઉન પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપવામાં આવી છે. ફરિયાદ મુજબ અજાણ્યા ઈસમોએ વીજ ટ્રાન્સફોર્મરમાંથી તેલ ઢોળી નાંખી તથા સ્ટડ તોડી રૂ.1,47,960નું નુકસાન કર્યું છે, જ્યારે રૂ.24000ના સ્ટડ તોડફોડનું નુકસાન થયું છે. ઉપરાંત ટ્રાન્સફોર્મરની કોપર કોઈલની અંદાજિત રૂ.5,87,000ની ચોરી કરી નાસી ગયા હોવાનું જણાવાયું છે. ફરિયાદમાં છેલ્લા કેટલાક મહિના દરમિયાન વિવિધ તારીખે અને અલગ-અલગ સ્થળોએ થયેલી આવી ચોરીની કુલ 24 અરજીનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વારંવાર થતી ટ્રાન્સફોર્મર ચોરીના કારણે વીજ પુરવઠામાં ખલેલ પહોંચતી હોવા સાથે કંપનીને મોટું આર્થિક નુકસાન થઈ રહ્યું છે. પોલીસે ફરિયાદના આધારે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. આ વિસ્તારમાં વધતી ટ્રાન્સફોર્મર ચોરીની ઘટનાઓને લઈને સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ છે અને દોષિતોને ઝડપથી ઝડપી કડક કાર્યવાહી કરવાની માંગ ઊઠી છે.



હિતેશ પટેલ

## 90 હજાર રોકડા મળ્યા માલિકને શોધી પરત કર્યા

માંડવી: માંડવી પોલીસે રૂ.90,000ની ગુમ થયેલી રોકડ રકમ તેના મૂળ માલિકને પરત કરી પ્રશંસનીય કામગીરી કરી છે. સાથે જ એક નાગરિકે પ્રામાણિકતા દાખવી પોલીસને જાણ કરી રૂપિયા જમા કરાવતાં માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

ગત 11 જાન્યુઆરીના રોજ સવારે અંદાજે 10 વાગ્યે, કસાલ ગામની સીમ વિસ્તારમાં ટેકરા પર પોતાના ગોળના કોલા પર રહેતા શૈલેષભાઈ પોપટભાઈ મેર (મૂળ વતનઃ નાની લખાવાડ, તા. જસદણ, જિ. રાજકોટ) પોતાની બાઈક લઈ કામ અર્થે નરેણ ગામે ગયા હતા. આ દરમિયાન નરેણ ગામના આશ્રમ ફળિયા વિસ્તારમાં તેમના ખિસ્સામાંથી રૂ.90,000નું રોકડ બંડલ પડી ગયું હતું. આ રોકડ બંડલ નરેણ ગામના આશ્રમ ફળિયામાં રહેતા નિલેશભાઈ નટુભાઈ ગામીત (મૂળ વતનઃ વેરાકુઈ, તા.માંગરોળ, જિ. સુરત)ને મળ્યું હતું. તેમણે પ્રામાણિકતા દાખવી નજીકની અરેઠ આઉટ પોસ્ટ ખાતે પોલીસને જાણ કરી રૂપિયા જમા કરાવ્યા હતા. માંડવી પોલીસે તરત જ તપાસ શરૂ કરી અને રોકડ રકમના મૂળ માલિક શૈલેષભાઈ પોપટભાઈ મેરને શોધી કાઢી રૂ.90,000ની રકમ તેમને સોંપી હતી.

### આમોદમાં બિરસા મુંડાની પ્રતિમાનું અનાવરણ

આમોદ: સમસ્ત આમોદ તાલુકા આદિવાસી સમાજ દ્વારા ગત રોજ તિલક મેદાન ખાતે ક્રાંતિકારી જનનાયક ભગવાન બિરસા મુંડાની પ્રતિમાનું અનાવરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સાંસદ મનસુખ વસાવા ધારાસભ્ય ડી.કે સ્વામી ઉપસ્થિતિમાં પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરપાલિકાના મુખ્ય અધિકારી પંકજ નાયક, પાલિકાના સદસ્યો સહિત આગેવાનો હાજર રહ્યા હતા.


Milano MULTIPLEX

બારડોલી

The Raja Saab
10:00am, 12:00pm, 01:30pm, 03:30pm, 06:00pm, 09:00pm,

Jai Kanhaiyalall Ki-Gujarati
07:00pm, 09:30pm

Bicharo Bachelor-Gujarati
11:00am

Dhurandhar
05:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333


### જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને આ જાહેર નોટીસ થકી જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ અને તાલુકો માંગરોલના મોજે કનવાડાના બ્લોક નં.૧૩૨, ખાતા નં.૨૪૩, સર્વે નંબર ૧૫૨, થી નોંધાયેલ જુની શરતની જમીન જેનું કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧-૧૨-૦૦ વાળી જમીનના માલીક (૧) રમેશભાઈ પોપટભાઈ વઘાસીયા (૨) દિનેશભાઈ પોપટભાઈ વઘાસીયા (૩) સુરેશભાઈ પોપટભાઈ વઘાસીયા પાસેથી હમારા અસીલ વેચાણ લેનાર છે. જેથી આ જમીનમાં કોઈ પણ શખ્સ, યા સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દર, દાવો લાગ ભાગ ખોરાકી, પોશાકી, લીયન, બોજો, સાટાખત, બાનાખત ઈઝમેન્ટ વિગેરેના હકકો હોય તો તે અંગેના લેખિત પુરાવા સહિત દિન-૭ માં હમોને જાણ કરવી અને એ મુદત સુધીમાં કોઈપણ જાણ કરવામાં ન આવશે તો તેવા હકકો તેઓએ છોડી દીધેલા છે. એમ માની હમારા અસીલ સદરહુ જમીનના માલીકો પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાને નોધ લેવી.

તા. ૧૨/૦૧/૨૦૨૬

ઓફીસ:- વિજય ઝેરોક્ષની સામે, મોસાલી મેઈન બજાર, મોસાલી, તા.માંગરોલ જી.સુરત મો.નં.૯૯૭૯૬૩૧૫૨૫

સોહેલ એસ. નુર (મો.)
એડવોકેટ

## બારડોલીમાં રોડ બનાવ્યો, પણ બ્લોક ન બેસાડાતાં લોકો હેરાન

**નવદુર્ગા** સોસાયટીમાં અઠવાડિયા બાદ પણ પેવર બ્લોકના ઢગ



બારડોલી: બારડોલીની નવદુર્ગા-સી સોસાયટીમાં સીસી રોડ બનાવવા માટે કાઢેલા પેવર બ્લોક ફરીથી લગાવવામાં આવ્યા ન હોય સ્થાનિક રહીશોને ભારે મુશ્કેલી પડી રહી છે.

બારડોલી પાલિકા દ્વારા વોર્ડ નં.7માં આર.ટી.ઓ. રોડ પર આવેલી નવદુર્ગા-સી સોસાયટીમાં સીસી રોડ મંજૂર કરવામાં આવ્યો હતો. સીસી રોડ બનાવવા માટે છેલ્લા એક મહિનાથી સોસાયટીમાં ખોદકામ કરવામાં આવ્યું હતું. આથી લોકો હેરાન થતા આવ્યા હતા. હાલમાં સીસી રોડનું કામ પૂર્ણ થયું છે. પરંતુ રોડ બનાવવા માટે રોડની બંને બાજુના પેવર બ્લોક ઉખેડી નાંખવામાં આવ્યા હતા. જો કે, રોડ બન્યાને અઠવાડિયા બાદ પણ આ બ્લોક ફરીથી બેસાડવામાં આવ્યા નથી અને બ્લોકના ઢગ રોડ પર જોવા મળી રહ્યા છે. જેના કારણે લોકોને હાલાકી પડી રહી છે. લોકો માટે ઘરમાંથી નીકળવું પણ મુશ્કેલ બન્યું છે. વારંવાર રજૂઆત છતાં પાલિકા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી ન હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. ખાસ કરીને રોડ પર પડેલા પેવર બ્લોકને લીધે બાળકો અને વૃદ્ધોને ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે પા કામગીરી પૂર્ણ કરવા માંગ ઊઠી રહી છે.

### જંબુસરમાં હિટ એન્ડ રનની ઘટનામાં બાઈક સવાર યુવકનું મોત

ભરૂચ: જંબુસરના વેડચ ગામે રહેતા 40 વર્ષીય ભરતભાઈ પરમારનું રવિવારે સાંજે માર્ગ અકસ્માતમાં મોત નીપજ્યું હતું. તેઓ પોતાની મોટરસાયકલ (GJ-16-DM-2804) લઈને જંબુસર તરફ જઈ રહ્યા હતા, ત્યારે સુઝુકી શોરૂમ પાસે સામેથી આવતી ટ્રક (GJ-03-AT-1992)ના ચાલકે તેમને અડફેટમાં લીધા હતા. ટ્રકનું ટાયર માથા પર ફરી વળતા ભરતભાઈનું ઘટના સ્થળે જ મોત થયું હતું.

### જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ તાપી, સબ ડીસ્ટ્રીકટ-વાલોડ, મોજે-કમાલછોડ ના ખાતા નં.૧૯૧૮, બ્લોક નં-૫૭, ક્ષેત્રફળ હે-આરે-ચોમી ૩-૦૦-૦૦, આકાર રૂા. ૨૬.૪૦ પૈસા વાળી ખેતીની જુની શરત વાળી સત્તાપ્રકારની જમીન મિલકત જે ગામ નમુના નં-૭/૧૨ તથા ૮/અ ના પત્રકે હાલ રેકર્ડ મુજબ **(૧) રમીલાબેન વનમાળીભાઈ પટેલ તે રમણભાઈના પત્નિ** નાઓની સ્વતંત્ર માલિકીની જમીન ચાલી આવેલ છે સદર ખેતી વિષયક જમીન ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનુ જણાવી, અમારા અસીલને વેચાણ આપવા માંગે છે. જે અંગેના પાકા દસ્તાવેજો કરી કરાવી લેનાર છે. સબબ, સદર જમીનમાં કોઈનાં કોઈ પણ પ્રકારનો હકક, હિસ્સો કે અધિકાર કે નાંણાકીય સંસ્થાનું લીયાન હોય તો જરુરી દસ્તાવેજો સાથે નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં અમારો રૂબરૂ સંપર્ક અથવા રજીસ્ટર્ડ એ.ડી,થી નકલો મોકલી આપવી. નોટીસની મુદત વિત્યે કોઈ પણ જાતનો વાંધો હરકત નથી તેમજ કોઈ પણ વ્યકિત, સંસ્થા કે કોઈ પણ પ્રકારને હક, હિત, હિસ્સો રાઈટ યા ટાઈટલ ઈન્ટ્રેસ્ટ નથી અને જો હોઈ તો તે જતા કર્યા છે યાને વેવ કરેલ છે. તેમ માની હમારા અસીલ સદર મિલકતના રજીસ્ટર્ડ દસ્તાવેજો કરી કરાવી લેશે. પાછળથી કોઈ પણ પ્રકારે તર-તકરાર, દર-દાવો ફરીયાદ કે કબજા હકક ગ્રાહય રેહશે નહી. તેમજ હમારા અસીલની કોઈ પણ જવાબદારી રેહશે નહી. જેની લાગતા વળગતાએ ખાસ નોધ લેવી.

હમોના અસીલના સુચના તથા ફરમાઈશથી

**રાકેશ પી. સોલંકી** - એડવોકેટ

ઓફિસ-૨૫, નક્ષત્ર કોમપ્લેક્ષ, ભારત પેટ્રોલ પંપની નજીક, વાલોડ, તા-વાલોડ,જી.તાપી. મો.નં. ૯૬૨૪૩૪૪૭૩૨

### જાહેર નોટીસ

આથી સર્વ લોકોને જણાવવાનું કે સુરત જીલ્લાના તાલુકા કામરેજ (હાલ સુરત સીટી) મોજે ગામ સરથાણાના સીટી સર્વે નં.૧૩ કે જેનો શીટ નંબર ૧ વાળી મિલકતના મુળ માલિક મુખત્યાર અને કબજેદાર અમારા અસીલના દાદાશ્રી જેરામભાઈ લખાભાઈ સુરતીનાઓ હતા. જેઓ તા.૧૦-૦૯-૨૦૨૫ ના રોજ ગુજરી ગયેલ છે. સદર મિલકતનો કબજો ભોગવટો અમારા અસીલના દાદાશ્રી જેરામભાઈ લખાભાઈ સુરતીનાઓ પાસે આશરે ૬૦ વર્ષ ઉપરાંતથી સ્થળ ઉપર શાંત, પ્રત્યક્ષ કબજો ભોગવટો સ્થળ ઉપર ચાલી આવેલ હતો અને હાલમાં પણ તેઓ ગુજરી ગયા બાદ સદર મિલકતનો શાંત પ્રત્યક્ષ કબજો ભોગવટો અમારા અસીલના દાદાશ્રી જેરામભાઈ લખાભાઈ સુરતીનાઓએ મહેરબાન કામરેજના સબ-રજીસ્ટ્રાર સમક્ષ તા.૨૫-૦૫-૨૦૨૩ ના રોજ અનુક્રમ નં. ૧૩૬૧૬ થી કરેલ મિલકતની વ્યવસ્થા થકી સદર મિલકતના માલિક મુખત્યાર અને કબજેદાર અમોના અસીલ હેનીલ વિજયભાઈ સુરતીનાઓને સદર મિલકતની વ્યવસ્થા થકી પ્રાપ્ત થયેલ હોય સદર મિલકતના માલિક મુખત્યાર અને કબજેદાર અમોના અસીલ હેનીલ વિજયભાઈ સુરતીનાઓ થતા હોય અને સ્થળ ઉપર હાલમાં સદર મિલકતનો શાંત પ્રત્યક્ષ કબજો ભોગવટો હમોના અસીલનો ચાલી આવેલો હોય જેથી સદરહુ મિલકત બાબતે કોઇપણ જાતના વ્યવહારો કે જે હમારા હક્કમાં ન્યુનતા લાવે તેવા કોઇપણ કૃત્યો કરવા નહીં જો તેમ કરવામાં આવશે તો તેની જવાબદારી અમારા અસીલની રહેશે નહીં. તેમજ સદર મિલકતનો શાંત પ્રત્યક્ષ કબજો ભોગવટો અમારા અસીલનો ચાલી આવેલ હોય જેથી તેઓ માલિક મુખત્યાર અને કબજેદાર હોય અમોના અસીલની જાણ બહાર કોઇપણ પ્રકારના કૃત્યો કરવા કે કરાવવા નહીં જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સુરત. તારીખ : ૧૦-૦૧-૨૦૨૬

ઓફીસ : ૨૦૨, હરિઓમ એપાર્ટમેન્ટ, દિવાળી બાગ, અઠવાલાઇન્સ, સુરત મો.નં. ૯૦૨૩૩૦૪૧૩૮

**દર્શનકુમાર એસ. બ્રહ્મભટ્ટ**
તે હેનીલ વિજયભાઈ સુરતી ના એડવોકેટ

### પાવર ઓફ એટર્નીનો લેખ રદ્દ કર્યા અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનુ કે, નીચે વિગતવાર જણાવેલ મિલકતો અંગે નીચે જણાવેલ પાવર આપનારાઓએ પાવર લેનારની તરફેણમાં પાવર ઓફ એટર્નીનો લેખ કરી આપેલ. જેની વિગતવાર માહિતી નીચે મુજબ છે. નીચે જણાવેલ તમામ મિલકતો અંગે પાવર આપનારાઓએ પાવર ઓફ એટર્નીનો લેખ આજરોજથી સંપુર્ણપણે રદ યાને કેન્સલ કરેલ છે. તેથી મજકુર પાવર ઓફ એટર્નીમાં જણાવેલ લખાણ અને તેની રૂએ આપવામાં આવેલ સત્તાઓ, હકકો અને અધિકારો આથી સંપુર્ણપણે રદ કરવામાં આવે છે. જેથી પાવર લેનારાઓ કને હવેથી મજકુર લેખ થકી કોઇપણ જાતના હક્ક કે અધિકારો રહેલા નથી. જેથી કોઈપણ વ્યકિત, સંસ્થા કે ઇસમ નીચે જણાવેલ જમીનો અંગે નીચે જણાવેલ પાવર લેનારાઓ સાથે જે કોઈ પણ વ્યવહાર કરશે તો આથી સંપુર્ણપણે રદબાતલ ગણવામાં આવશે. જો કોઈપણ તે બાબત કસુર કરશે તો તેની સંપુર્ણ જવાબદારી તેઓની રહેશે. તે બાબત નીચે જણાવેલ પાવર આપનારાઓની કોઇપણ જવાબદારી રહેશે નહીં. વધુમાં જે કોઇ વ્યકિત, સંસ્થા કે ઇસમ પાવર લેનારાઓ સાથે મજકુર જમીનો બાબત કોઈપણ વ્યવહાર કરશે તો તેઓ વિરૂધ્ધ તમામ પ્રકારે કાયદેસર સિવીલ અને ફોજદારી રાહે પગલા લેવામાં આવશે. જેની લાગતા-વળગતાઓએ અને જાહેર જનતાએ ખાસ નોંધ લેવી.

| જમીનની વિગત | પાવર આપનાર | પાવર લેનાર | લેખની વિગત |
|---|---|---|---|
| મોજે : ધામડોદ લુંભા, તા. બારડોલી, સર્વે નં. ૩૨૪, ૩૨૫ તથા ૩૩૪, બ્લોક નં. ૩૨૯ તેમાં આવેલ પ્લોટ નં. ૯૩ અને ૯૪ | અમરતભાઈ મુળજીભાઈ પટેલ | રાકેશભાઈ શુક્લભાઈ પટેલ | જનરલ પાવર ઓફ એટર્ની રજી. નં. ૩૦૨૪, તા.૨૩/૦૪/૨૦૨૫ |
| મોજે : બગુમરા, પલસાણા, જુના સર્વે નં. ૧૩૩ થી ૧૩૫, ૧૬૪ થી ૧૬૬, બ્લોક નં. ૧૬૪ અને ૧૬૭ (એન.એ થયા બાદ સીટીસર્વે વોર્ડ બગુમરા બિનખેતી, સીટી સર્વે નં. NA164/P2) | અમૃતભાઈ મુળજીભાઈ પટેલ | આશીષકુમાર ઇશ્વરલાલ મોદી | તા.૩૧/૧૨/૨૦૧૬ ના રોજની નોટોરાઈઝડ જનરલ પાવર ઓફ એટર્ની, સી. નં. ૧/૨૦૧૭, તા.૦૨/૦૧/૨૦૧૭ |
| મોજે : બગુમરા, પલસાણા, જુના સર્વે નં. ૧૩૦ થી ૧૩૫, બ્લોક નં. ૧૬૪ થી ૧૬૭ (એન.એ થયા બાદ સીટીસર્વે વોર્ડ બગુમરા બિનખેતી, સીટી સર્વે નં. NA164/P2) | અમૃતભાઈ મુળજીભાઈ પટેલ | રાજેશકુમાર વેન્સીલાલ હેમનાની | તા.૨૮/૧૨/૨૦૧૬ ના રોજની નોટોરાઈઝડ પાવર ઓફ એટર્ની, સી. નં. ૫૯૫૩/૨૦૧૬, તા.૨૮/૧૨/૨૦૧૬ |
| મોજે : બગુમરા, પલસાણા, જુના બ્લોક નં. ૧૬૪ થી ૧૬૭ (એન.એ થયા બાદ સીટીસર્વે વોર્ડ બગુમરા બિનખેતી, સીટી સર્વે નંબર NA164/P2) | અમરતભાઈ મુળજીભાઈ પટેલ અને મીનાબેન અમરતભાઈ પટેલ | રાજુભાઈ નાથુભાઈ પાટીલ | નોટોરાઈઝડ સ્પે. પાવર ઓફ એટર્ની, સી. નં. ૨૯૪/૨૦૧૩, તા.૧૯/૦૧/૨૦૧૩ |

પાવર આપનારાઓની સંમતિ સહીત અને સુચના મુજબ. તા. ૧૩/૦૧/૨૦૨૬

અમરતભાઈ મુળજીભાઈ પટેલ ..........

મીનાબેન અમરતભાઈ પટેલ ..........

ઓફીસ સરનામુ : ૩૦૨, માઇલસ્ટોન એક્રોપોલીસ, સેન્ટરકોર્ટ રેસ્ટોરન્ટની બાજુમાં, પાર્લે પોઇન્ટ, સુરત-૩૯૫૦૦૭. મો.નં. ૮૫૧૧૯૮૦૫૯૩૧

**અક્ષત એસ. ચોક્સી**
તે પાવર આપનારાના એડવોકેટ